ફાસ્ટટ્રેક અને ટાઈટનના નકલી ઉત્પાદનો જપ્ત કરવામાં આવ્યાં

સુરત : મહીદરપુરા પોલીસ સ્ટેશન દ્વારા ઈંફોર્સીસ ઓફ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ ની મદદ થી દિલ્હી ગેટ મહિદરપુરા ખાતે ના મિતેષ ટ્રેડર્સ ખાતે છાપો મારતા ફાસ્ટટ્રેક અને ટાઈટન બ્રાંડ નામ હેઠળ ઉત્પાદીત કરવામાં આવતા નકલી ઉત્પાદનો ને જપ્ત કરવામાં આવ્યા હતાં.રેડ દરમિયાન પોલીસે ટાઈટન આઈ પ્લસ ગ્લાસીસ અને ફાસ્ટ ટ્રેક સનગ્લાસિસ જે બ્રાંડ નામ હેઠળ સંગ્રહીત અને ઉત્પાદન કરવામાં આવ્યાં હતાં.એફઆરઆઈ નંબર અને ચાર્જ કરવામાં આવેલ વિભાગ - ૧૪૩૮/૨૦૧૮ તારીખ ૦૧-૦૯-૨૦૧૮. ૫૧,૬૩ કોપીરાઈટ્સ એક્ટ ૧૯૫૭ હેઠળ.

પોલીસે મિતેષકુમાર ધનસુખલાલ તમાકુવાલા ની વિરુદ્ધ મહીદરપુરા પોલીસ સ્ટેશન ખાતે એફઆરઆઇ દાખલ કરવામાં આવી છે. નકલી ઉત્પાદનો ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ ઝોન ૩ -શ્રી બિપિન અહિરે, શ્રી આર એન પટેલ -થાના ઈન્ચાર્જ , એમ જી મકવાણા - સબ ઈન્સ્પેક્ટર ઓફ પોલીસ અને મહીદરપુરા પોલીસ સ્ટેશન ની ટીમ ની મદદ થી જપ્ત કરવામાં આવ્યાં છે.(૧૩-૯)

એપિક ચેનલ પર બે નવા શો ની રજુઆત

ખૂબ જ સફળ થયેલી સીરીઝ - "રેગિમેન્ટ ડાયરીઝ જેમાં વિવિધ રેજિમેન્ટ ની પ્રોફાઈલ કે જેને ઈન્ડિયન આર્મી બનાવી

છે , આ સીરીઝ ની લોન્ચ પછી, ભારતની એકમાત્ર હિન્દી ઈન્ફોટેન્મેંટ ચેનલ એપિક બે નવા શોઝ લોન્ચ કરી રહ્યું છે - વાઈલ્ડરનેસ ડેઝ - જે ભારતની વિવિધ તથા સુંદર વાઈલ્ડલાઈફ પર આધારિત છે અને કિસ્સા કરન્સી કા - કે જે રાજાઓ અને તેના રજવાડાઓ એ બહર પાડેલ ચલણી સિક્કાઓ ના ઈતિહાસ પર આધારિત છે.

વાઈલ્ડરનેઝ ડેઝ સીરીઝ ભારતની સર્વોત્તમ વન્ય જીવન આધારિત જગ્યા પર શૂટિંગ કરવામાં આવ્યું છે કોર્બેટ વાઘ સંરક્ષણ ક્ષેત્ર ,રાજાજી નેશનલ પાર્ક , પૌરી , ફૂલોની વેલ્લી , હલ્દવાણી ,કાન્હા નેશનલ પાર્ક, બાંધવગઢ નેશનલ પાર્ક , મંદુ , અને રાતોબર નેશનલ પાર્ક અને બીજા ઘણા બધા સ્થળો.આ સીરીઝમાં દર્શકોને અભયારણ્ય અને સંરક્ષિત ક્ષેત્રોના પ્રતિબંધિત અને શ્વાસ અધ્ધર ચડાવી દેનારા અંતરિયાળ વિસ્તારો જોવા મળશે અને પ્રાણીઓ તેમના વર્તન અનેં જંગલોનો માણસો સાથે સંબંધ અને ભારતનો અતુલ્ય વારસાની સફર કરાવશે. આ શો અનુભવી ભારતીય કલાકાર અને થિયેટરમાં જુસ્સો ધરાવનાર સ્વર્ગસ્થ ટોમ ઓલ્ટર હોસ્ટ કરશે .તેમની જાણીતી એવી મજબૂત વૃત્તાંત સંબંધિત સ્ટાઈલ માટે ઓલ્ટર હંમેશા ખૂબ યાદ રહેશે .તેમના અદભૂત પ્રેઝન્ટેશનને કારણે આ સીરીઝ પ્રેક્ષકો માટે ફરીથી તેમની સાથે જોડાવવાની તક બની રહેશે . અને ઓલ્ટર મજબુત સ્ક્રીન વ્યક્તિ તરીકે ઝળકતો રેહશે.-

ડુપોન્ટ ન્યુટ્રિશન એન્ડ હેલ્થ અમદાવાદમાં સૌપ્રથમ આઈસક્રીમ કાર્નિવલનું આયોજન કરશે

અમદાવાદ, ડુપોન્ટ ન્યુટ્રિશન એન્ડ હેલ્થ અમદાવાદમાં તેનો સૌપ્રથમ આઈસક્રીમ કાર્નિવલ લઈને આવે છે, જે આઈસક્રીમ ચાહકો સમક્ષ તેમની પસંદગીના આઈસક્રીમની વેરાઈટી રજૂ કરશે.

'I Scream with Joy' આઈસક્રીમ કાર્નિવલ અમદાવાદના અમદાવાદ વન મોલમાં ૮મી સપ્ટેમ્બરે શનિવારે બપોરે ૨ વાગ્યે શરૂ થશે, જે ગ્રાહકોને આઈસ ક્રીમની પ્રીમિયમ વેરાઈટી માટે વન-સ્ટોપ શોપની સુવિધા પૂરી પાડશે. અહી ગ્રાહકોને અમુલ, વાડીલાલ, વિમલ, શીતલ, ખુશ્બૂ, મોમાઈ, કમ્બોલિવાલા, મોર એન મોર, ભારત ડેરી મનમોહક સહિત ગુજરાતમાંથી આઈસક્રીમ ઉત્પાદકો દ્વારા આ સીઝનમાં લોન્ચ કરવામાં આવેલી ફ્લેવર્સ સહિત પસંદગીની વ્યાપક તકો મળશે. આ કાર્નિવલમાં મફતમાં પ્રવેશ કરી શકાશે. ભારતમાં આઈસક્રીમનો વપરાશ ઝડપથી વધી રહ્યો છે અને ગ્રાહકો નવા ફોર્મેટ્સ અને ફ્લેવર્સ તરફ નજર દોડાવી રહ્યા છે, તેમ ડુપોન્ટ ન્યુટ્રીશન એન્ડ હેલ્થના દક્ષિણ એશિયાના બિઝનેસ ડિરેક્ટર અનુરાગ જૈને જણાવ્યું હતું. 'ફૂડ ઈનગ્રેડિયન્ટ ઈન્ડસ્ટ્રી લીડર તરીકે ડુપોન્ટની આઈસક્રીમ નિષ્ણાતોની ટીમ નવીન મીઠી પ્રેરણા સાથે ઉદ્યોગ ભવિષ્ય માટે તૈયાર રહે તે માટે સતત કામ કરે છે. આઈસક્રીમ કાર્નિવલ દેશમાં આઈસક્રીમ ક્ષેત્રે નવીનતા લાવવાની અમારી કટીબદ્ધતાનો પુરાવો છે.'(૨૨-૧)

Edi:Mayur C. Bhatt, Printer & Publisher-Mayur C Bhatt., Place of Pub: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-Place of Printing : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Owner : Kalyani Pub. Pvt. Ltd.

એગ્રીકલ્ચર ટેકનોલોજી પર નુ એકઝીબીશન એગ્રિ એશિયા ૨૦૧૮

રેડીકલ કોમ્યુનીકેશન્સ દ્વારા આ વર્ષે ૭ થી ૯ સપ્ટેમ્બર , ૨૦૧૮ દરમ્યાન મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત ખાતે એગ્રિ એશિયા ૨૦૧૮ નું આયોજન થવા જઈ રહ્યું છે. ખેડૂતો, કૃષિ વૈજ્ઞાનિકો, વેપારીઓ, વિગેરે ઘણી આતુરતાપૂર્વક એગ્રિ એશિયા પ્રદર્શનની રાહ જોતા હોય છે. દર વર્ષે આવા આંતરરાષ્ટ્રીય પ્રદર્શન યોજવાના કારણે ખેડૂતો તેમજ વિવિધ કંપનિયો વચ્ચે માહિતીનો સમન્વય થઈ શકે છે જેથી ખેડૂતો માટે ઉપયોગી ટેકનોલોજી સરળતાપૂર્વક ઉપલબ્ધ થઇ શકશે.

આ વર્ષે આયોજિત થનારા એગ્રિ એશિયા ૨૦૧૮ માં ૨૦૦ જેટલી કંપનીઓ તથા સરકારી વિભાગો ભાગ લઈ રહ્યા છે જે પોતાના નવા ઉત્પાદનો પ્રદર્શીત કરી રહ્યા છે.આ પ્રદર્શન ગુજરાત અને ભારતના બધા ખેડૂતો અને ખેતી સાથે સંકળાયેલા દરેક વ્યક્તિઓ માટે અતિશય મહત્વનું સાબિત થઈ રેહશે. ગ્રીનહાઉસ, ટપક પધ્ધતિ, ખેતી ને લાગતા સાધનો, હોટીકલ્ચર, બિયારણ, એગ્રો કેમીકલ્સ, નર્સરી, વગેરે ક્ષેત્રો ને લગતી ટેકનોલોજી પ્રદર્શીત થશે. એગ્રિ એશિયા ૨૦૧૮ કૃષિ પ્રદર્શનમાં મુલાકાત લેવા માટે કોઈ પ્રવેશ મુલ્ય વસુલ કરવામાં આવતું નથી. એગ્રિ એશિયા ૨૦૧૮ જેને આત્મા ગુજરાત, અગ્રિકલ્ચ ફાર્મર્સ વેલફેર એન્ડ કો-ઓપેરશન ડીપાર્ટમેન્ટ ગોવેર્નમેન્ટ ઓફ ગુજરાત તથા આઈ. સી. એ. આર સમર્થન આપી રાહયા છે અને ગુજરાત સ્ટેટે સીડ્સ કોર્પોરેશન લિમિટેડ દ્વારા સ્પોન્સર કરવામાં આવી રહ્યું છે.. પ્રદર્શનની સાથે જ ત્રિદિવસીય સેમિનાર/ તાલીમ રાખવામાં આવેલી છે જેનો લાભ પણ દરેકે દરેક ખેડૂતે લેવો જ જોઈએ. પ્રદર્શન નિહાળવા માટેનો સમય સવારના ૧૦ વાગ્યા થી સાંજના ૬ વાગ્યા સુધી રાખવામાં આવેલો છે. આપણાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી નાં વર્ષ ૨૦૨૨ નાં બમણી આવક નાં દયેય ને સાર્થક બનવા માટે આપણાં જેવા દરેક નાગરિક આવા પ્રદર્શન તેમજ તાલીમ નો ભાગ બનીને નવી પદ્ધતિને પોતાના ખેતરે અપનાવી પડશે. એગ્રિ એશિયા ૨૦૧૮ માં, રેડીકલ કોમ્યુનિકેશન્સ ના વડા, શ્રી સાન્યાલ દેસાઈના જણાવ્યા પ્રમાણે વિયેટનામ, ઈઝરાયેલ, ચીન, મલેશિયા ,નેધરલેન્ડસ, જાપાન વિગેરે જેવા અગ્રણી દેશો પણ આ આંતરરાષ્ટ્રીય કૃષિ પ્રણાલીઓના પ્રદર્શન માં ભાગ લઈ રહ્યા છે.-

લેબ ટેકનોલોજીસ્ટ રૂટીન બ્લડ ટેસ્ટ કરવા માટે હવે સ્વતંત્ર છે

ગાંધીનગર, છેલ્લા ઘણાં વર્ષોથી ભારતનાં વિવિધ ન્યાયાલયો તેમજ સુપ્રિમ કોર્ટમાં લેબોરેટરી ટેક્રોલોજીસ્ટ અને પેથોલોજીસ્ટ વચ્ચે બ્લડ ટેસ્ટીંગ, રીપોર્ટીંગ અને સાઈનીંગ ઓથોરીટી જેવા વિવિધ મુદ્દાઓને લઈને ન્યાયીક જંગ જામ્યો હતો. જેનાં પરિણામે આ કેસ સુપ્રિમ કોર્ટમાં ગયો. પેથોલોજીસ્ટ ડોક્ટરોની તરફેણ કરતી સંસ્થા એમસીઆઈ (મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા)ની દલીલોને સુપ્રિમ કોર્ટ સાંભળી, પરંતુ લેબોરેટરી ટેક્રોલોજીસ્ટની નેશનલ લેવલની કોઈ કાઉન્સીલ ન હોતાં ચુકાદો પેથોલોજીસ્ટની તરફેણમાં આપ્યો. ત્યારબાદ કેન્દ્ર સરકારે આ ચુકાદાને લઈને એક હાઈ લેવલ કમીટી બનાવી અને સામાન્ય પ્રજા પર સુપ્રિમ કોર્ટનાં આ ચુકાદાથી કેવી અસરો પડશે, એની સંપૂર્ણ જાણકારી મેળવી આ કમીટીના રીપોર્ટ પરથી એવું તારણ નીકળ્યું કે પ્રજાહીતમાં આ ચુકાદાના અમલ કરવો અશક્ય છે. સામાન્ય પ્રજાની સુખાકારી માટે સતત ચિંતીત એવા આપણાં વડાપ્રધાન નાં માર્ગદર્શન હેઠળ સી.ઈ.એ.માં સુધારો કરી એક ભારતીય રાજપત્ર(ધ ગેઝેટ ઓફ ઈન્ડિયા) બહાર પાડીને આ વર્ષો જુનાં પ્રશ્નનો સુખદ અને વ્યવહારૂ ઉકેલ લાવ્યો છે. આ સંદર્ભ આપણી લાગણીશીલ ગુજરાત સરકારને પણ નિયમીત રજુઆતો કરવામાં આવી. કેન્દ્ર સરકારનાં આ કાયદામાં ગુજરાત રાજ્યમાં અમલ થાય તે માટે લેબોરેટરી ટેક્રોલોજીસ્ટ એસોસિએશન (એસોપ્લોગ) એ અવિરત પ્રયાસો ચાલુ રાખ્યાં. ગુજરાતમાં કેટલાય વિસ્તાર તો એવા છે જ્યાં કોઈ પેથોલોજીસ્ટ છે જ નહી. જેમાં સામાન્ય પ્રજાને રૂટીન ટેસ્ટ માટે શારિરીક, આર્થિક અને સમયની હાડમારી વેઠવાનો વારો આવે. એસોપ્લોગ લેબોરેટરી એસોસિએશન વતી હોદ્દેદારો- પ્રમુખ ધીરજ ડોબરીયા, શૈલેષ બાબરીયા, સુરેશ પટેલ, સતીષ ભાવસાર, ઉમેશ ગોંડલીયા, પૌરવ પંડ્યા સચિવ, અધિકારીઓ સાથે આનુસંગીક ચર્ચાઓ કરી અને ગુજરાત રાજ્યમાં આ પ્રશ્ન નો સુખઃદ ઉકેલ આવે તેવાં પ્રયત્નો કર્યા.

હવે ટીસીએસની માર્કેટ મૂડી આઠ ટ્રિલિયન રૂપિયાથી પણ વધારે થઈ

નવીદિલ્હી, મહાકાય કંપની ટીસીએસની માર્કેટ મૂડીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. ટીસીએસની માર્કેટ મૂડી હવે આઠ ટ્રિલિયન રૂપિયાના આંકડાથી પાર કરી ગઈ છે. દેશમાં સૌથી વધારે માર્કેટ મૂડી ધરાવતી કંપનીઓ પૈકી તે પ્રથમ સ્થાન ઉપર પહેલાથી જ હતી પરંતુ હવે તેની માર્કેટ મૂડી ૮.૦૧ ટ્રિલિયન રૂપિયા સુધી પહોંચી ગઈ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રી ૭.૮૭ ટ્રિલિયન રૂપિયાની માર્કેટ મૂડી સાથે બીજા સ્થાને છે. આરઆઈએલ દેશની પ્રથમ કંપની હતી જે બંધ થયેલી સપાટીના આધાર પર ૨૩મી ઓગસ્ટ ૨૦૧૮ના દિવસે આ સિદ્ધિ હાંસલ કરી ગઈ હતી પરંતુ હાલમાં તેની માર્કેટ મૂડી ઘટી છે. આરઆઈએલની માર્કેટ મૂડી એક વખતે ૨૮મી ઓગસ્ટ ૨૦૧૮ના દિવસે ૮.૩૫ ટ્રિલિયન રૂપિયાની રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી હતી પરંતુ હવે તેની માર્કેટ મૂડી આઠ ટ્રિલિયનથી નીચે પહોંચી છે. ટીસીએસની માર્કેટ મૂડી ઉલ્લેખનીયરીતે વધી રહી છે. બંધ થયેલી સપાટીના આધાર પર તેની માર્કેટ મૂડી ૮.૦૧ ટ્રિલિયન રૂપિયા સુધી પહોંચી ગઈ છે.

ટીસીએસની માર્કેટ મૂડીમાં વધારો થવા માટે કેટલાક કારણો દેખાઈ રહ્યા છે. ટીસીએસની માર્કેટ મૂડી વધવા માટે તેના શેર કિંમતમાં વધારાને પણ જવાબદાર ગણવામાં આવે છે. અગાઉની બંધ સપાટીની સામે તેના શેરની કિંમતમાં ૧.૯ ટકાનો વધારો થયો છે જેથી તેના શેરની કિંમત ૨૦૯૩.૨૦ પ્રતિશેર થઈ ગઇ છે જે તેની શેરબાયબેકની કિંમતની બિલકુલ નજીક છે. ટીસીએસની શેર બાયબેકની કિંમત પ્રતિશેર ૨૧૦૦ રૂપિયા હતી. ટીસીએસના શેરને લઈને બાયબેક ઓફર ફરી શરૂ થઈ રહી છે. ગુરુવારે ૬ઠ્ઠી સપ્ટેમ્બરના દિવસે ટીસીએસ શેર બાયબેક ઓફર ખુલશે અને શુક્રવારે બંધ થશે.

કંપની ઈક્વિટી શેર હોલ્ડરો અને ઈક્વિટી શેરના લાભ મેળવનાર માલિકો પાસેથી શેર ખરીદવાની યોજના ધરાવે છે. ૭૬.૧૯ મિલિયન શેર બાયબેક કરવાની ઈચ્છા ધરાવે છે. ૧૮મી ઓગસ્ટ ૨૦૧૮ના દિવસે ઈક્વિટી શેર બાયબેક કરવામાં આવ્યા હતા. સ્ટોક એક્સચેંજ વ્યવસ્થા મારફતે ટેન્ડર રુટની રીતે આ ખરીદી કરવામાં આવી હતી. ફિક્સ્ડ શેર બાયબેકની કિંમત પ્રતિ ઈક્વિટી શેર ૨૧૦૦ રૂપિયા રાખવામાં આવી છે.

ભારતમાં ઉડ્ડયન ઈન્ડસ્ટ્રીનું નુકસાન ૧.૯ અબજ ડોલર

નવી દિલ્હી, નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સેક્રેટરી આરએન ચૌબેએ આજે કહ્યું હતું કે, સરકાર એરલાઈન્સ માટે રાહત પેકે જ ઉપર કામ કરી રહી છે. આ પેકજમાં એરલાઈન્સના ખર્ચને ઘટાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. નેશનલ કેરિયર એર ઈન્ડિયાને ધિરાણના સ્વરુપમાં કેન્દ્ર તરફથી ૨૧ અબજ રૂપિયાની ખાતરી મળી ચુકી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, એર ઈન્ડિયા ઉપર હાલમાં ૫૦૦ અબજ રૂપિયાનું દેવું થયેલું છે. ગયા વર્ષે માર્ચ મહિનામાં ૫૭.૬ અબજ રૂપિયાનું નુકસાન થયું હતું. એર ઈન્ડિયાને નુકસાન માટે જે કારણ રહેલા છે તેમાં એકબાજુ વધતા જતાં ફ્લુઅલના ખર્ચનો મામલો છે. બીજી બાજુ ઈન્ડિયન કેરિયર્સ માટે બીજી અનેક સમસ્યા રહેલી છે. ઓપરેટિંગ ખર્ચમાં પણ વધારો થઈ રહ્યો છે. ગ્લોબલ એવરેજ ૨૪ ટકા છે જ્યારે ભારતમાં આ આંકડો ૩૪ ટકાનો રહેલો છે. એર ઈન્ડિયાને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે વારંવાર ખાતરી આપવામાં આવી ચુકી છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ભારતીય એરલાઈન્સ અથવા તો એવિએશન ઈન્ડસ્ટ્રીમાં નુકસાનનો આંકડો ૧.૯ અબજ અમેરિકી ડોલર સુધી અથવા તો ૧૩૫૫૭ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે. એવિએશન કન્સલ્ટન્સ કંપનીના કહેવા મુજબ વધતા જતાં ખર્ચ અને ઓછા ભાડાના પરિણામ સ્વરુપે એર ઈન્ડિયા અને જેટ એરવેઝ જેવી એરલાઈન્સના નુકસાનમાં વધારો થઈ રહ્યો છે. સોમવારના દિવસે એક રિપોર્ટ જારી કરીને આ અંગેની વાત કરવામાં આવી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, રૂપિયાની કિંમતમાં ઘટાડા અને સાથે સાથે ફ્યુઅલની કિંમત વધવાના લીધે હાલત કફોડી બનેલી છે. નુકસાનની ભરપાઈ માટે ટિકિટોની કિંમતોમાં વધારો કરવામાં આવ્યો નથી.

માલેગાંવ બ્લાસ્ટ કેસ : SIT તપાસની માંગણીને ફગાવાઈ

નવીદિલ્હી, સુપ્રીમ કોર્ટે માલેગાંવ બ્લાસ્ટના આરોપી કર્નલ પુરોહિતના આરોપ નક્કી કરવા પર સ્ટે મુકવાની માંગ ફગાવી દેવામાં આવી છે. સિનિયર જજ રંજન ગોગોઈના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચે માલેગાંવ બ્લાસ્ટના મામલાની એસઆઈટીથી તપાસની માંગ કરતી અરજી ઉપર સુનાવણીથી ઈન્કાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, તેઓ પોતાની આ અરજીને ટ્રાયલ કોર્ટમાં રજૂ કરી શકે છે. આ પહેલા મુંબઈ હાઈકોર્ટે કર્નલ પુરોહિત અને અન્યોની અરજીને ફગાવી દીધી હતી. પુરોહિતે નિચલી કોર્ટ પાસેથી આરોપો નક્કી કરવા ઉપર પ્રતિબંધ મુકવાની માંગ કરી હતી. કર્નલ પુરોહિત ગયા વર્ષે માલેગાંવ બ્લાસ્ટ કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન મેળવી ચુક્યા છે. કર્નલ પુરોહિત છેલ્લા નવ વર્ષથી જેલમાં હતા. સુપ્રીમ કોર્ટે મુંબઈ હાઈકોર્ટના ચુકાદાને બાજુમાં મુકીને કર્નલ પુરોહિતને જામીન આપ્યા હતા. અત્રે નોંધનીય છે કે, ગયા વર્ષે ૨૩મી ઓગસ્ટના દિવસે માલેગાંવ બ્લાસ્ટ કેસના આરોપી અને પૂર્વ લશ્કરી ઈન્ટેલીજન્સ ઓફિસર લેફ્ટી કર્નલ પ્રસાદ શ્રીકાંત પુરોહિત નવ વર્ષ બાદ જેલમાંથી બહાર આવી ગયા હતા. સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળી ગયા બાદ ખાસ એનઆઈએ કોર્ટે તેમને મુક્ત કરવા માટેના આદેશો જારી કર્યા હતા. અત્રે નોંધનીય છે કે, ૨૧મી ઓગસ્ટના દિવસે સનસનાટીપૂર્ણ ૨૦૦૮ના માલેગાવ બ્લાસ્ટ કેસમાં આરોપી કર્નલ પ્રસાદ પુરોહિતને સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી દીધી હતી.

KEMISTAR CORPORATION LIMITED

Registered Office: 604, Manas Complex, Jodhpur Cross Road
Satellite, Ahmedabad – 380015
Corporate Identity Number (CIN):L24233GJ1994PLC022845
Tele No.:+91 79-26923570; **Email:**kemistarbse@gmail.com,
Website: http://www.kemistar.in

This Corrigendum is being issued in partial modification of our Notice dated August 18, 2018 for calling Twenty Fourth Annual General Meeting of members of the Company on September 10, 2018. In this regard Members of the Company are requested to take note of the following:

1. In special business item No. 6 and Explanatory Statement forming part of the Special Resolution wherever the name Parshottambhai Harkhani is appearing, the name should be read as "Parshottambhai Jadavbhai Patel"
2. In Point No. 9 of the Explanatory Statement the Pre-Issue Shareholding of Ramesh Harkhani should be read as 40,000 Equity Shares and percentage should be read as 0.64. Post-Issue Shareholding will be 80,000 Equity Shares and percentage should be read as 0.74

All other contents of the Notice to the Members will remain unchanged. This corrigendum is also being placed on the Company's website http://www.kemistar.in and also being communicated to BSE Limited, where the Equity Shares of the Company are listed.

By order of the Board of Directors
Kemistar Corporation Limited

Date: September 05, 2018
Place: Ahmedabad

Surya Menon
Company Secretary

કોલકાતામાં પુલ ધરાશાયી થતાં ૧નું મોત : ઘણા ઘાયલ

કોલકાતા, પશ્ચિમ બંગાળના પાટનગર કોલકાતાના માઝેહાટમાં એક પુલ ધરાશાયી થતાં એકનું મોત થયું છે અને અનેક લોકો દટાઈ ગયા હોવાના અહેવાલ મળ્યા છે. આ બનાવ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ચિંતા વ્યક્ત કરી છે. બીજી બાજુ આ પુલ ધરાશાયી થવાને લઈને રાજનીતિ શરૂ થઈ ચુકી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ બચાવ અને રાહત કામગીરીમાં જોડાઈ ગઈ છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી ચુકી છે. બીજી બાજુ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બચાવ અને રાહત કામગીરીની સાથે સાથે તપાસના પણ આદેશ આપ્યા છે. ભાજપે આ મામલામાં પશ્ચિમ બંગાળની મમતા સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા છે. ભાજપ સાંસદ રુપા ગાંગુલીએ એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું છે કે, મમતા બેનર્જીની સરકાર આ દુર્ઘટનામાં થયેલા નુકસાનને ઓછું કરીને રજૂ કરશે. મમતા બેનર્જીને માત્ર મુખ્યમંત્રીની ખુરશીથી મતલબ છે. પુલની નજીક નિર્માણ કામગીરી ચાલી રહી હતી. આ પુલ બેહાલા અને ઈકબાલ વિસ્તારને પારસ્પરિકરીતે જોડે છે. વરસાદના લીધે આ બનાવ બન્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે. મમતા બેનર્જી હાલમાં કોલકાતામાં નથી. દાર્જિલિંગમાં છે. મમતા બેનર્જીએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, તે હાલમાં કોલકાતામાં નથી પરંતુ બનાવને લઈને ચિંતાતુર છે. બનાવ અંગે તમામ માહિતી મેળવી રહી છે. ૨૦૧૬માં પણ આવી જ દુર્ઘટના બની હતી જ્યારે વિવેકાનંદ ફ્લાયઓવર ધરાશાયી થયો હતો.

સન સોર્સ (ઈન્ડિયા) લીમીટેડ

CIN: L40100GJ1992PLC017458
રજીસ્ટર્ડ ઓફીસ : એક સોનલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (ખોડા), સાણંદ, વિરમગામ હાઈવે,
અમદાવાદ-૩૮૨૧૭૦ વેબસાઈટ : www.sunsource.in
૨૬મી સામાન્ય વાર્ષિક સભા ઈ-વોટીંગની માહીતી અને બુક ક્લોઝરની નોટીસ

આથી અહીં નોટીસ આપવામા આવે છે કંપનીના સભ્યોની ૨૬મી સામાન્ય વાર્ષિક સભા (એજીએમ) તા.૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૮ શુક્રવારના રોજ સવારે ૯.૦૦ વાગે એક સોનલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (ખોડા), સાણંદ, વિરમગામ હાઈવે, અમદાવાદ-૩૮૨૧૭૦ એજીએમની નોટીસમાં જણાવ્યા પ્રમાણેના કામકાજ સારુ મળશે. કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૯૧ મુજબ ("કાયદા") અને સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડીસક્લોઝર રીકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન,૨૦૧૫ ("લીસ્ટીંગ રેગ્યુલેશન્સ") કંપનીની ના નોંધાયેલા સભ્યો માટે શેર ટ્રાન્સફર બુક શનિવાર, તા.૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૮ થી શનિવાર ૨૯ મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ (બન્ને દિવસ સહિત) એજીએમના હેતુ સારૂ બંધ રહેશે.

એજીએમની નોટીસ, સાથે વાર્ષિક અહેવાલ મોકલવાની કાર્યવાહી બુધવાર ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ પુરી થઇ ગઇ છે. એટેન્ડેટ સ્લીપ, પ્રોક્ષી ફોર્મ, બેલેટ ફોર્મ તથા રીમોટ ઈ-વોટીંગ માટે કંપનીના સભ્યો માટે જરુરી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવા માટેની બાબતો સભ્યોને મોકલી આપવામાં આવી છે. સભ્યોએ નોંધ લે કે એજીએમની નોટીસ તથા વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.sunsource.in તથા સીડીએસએલની વેબસાઈટ www.cdslindia.com પરથી ડાઉનલોડ કરી શકો છે.

કંપની એક્ટની જોગવાઈ ૧૦૮ તથા નિયમ ૨૦ ના કમ્પલાયન્સ માટે કંપની (મેનેજમેન્ટ અને એડમીનીસ્ટ્રેશન) નિયમ, ૨૦૧૪ અને તેના સુધારો નિયમ ૪૪ લીસ્ટીંગ રેગ્યુલેશન કંપની રીમોટ ઈ-વોટીંગની સુવિધા આપવા માંગે છે સભ્યો તેમના મત ઈલેક્ટ્રોનીકસ પધ્ધતિથી આપી શકે છે તે તમામ બાબતના ઠરાવો. કે જે તા.૩૧મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજની એજીએમની નોટીસમાં જણાવવામાં આવી છે. કંપનીએ રીમોટ ઈ-વોટીંગ માટે સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસ (ઈન્ડિયા) લીમીટેડ (સીડીએસએલ). કંપની એ પ્રેક્ટિસીંગ કંપની સેક્રેટરી શ્રી શાલીન પટેલની રીમોટ ઈ-વોટીંગની કાર્યવાહી કરવા તથા તેનું સ્ક્રુટીનાઈઝર તરીકે નિમણુંક કરી છે.

ઈ-વોટીંગ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૮ બુધવાર, સવારે ૯.૦૦ વાગ્યે શરૂ થશે અને ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૮

શુક્રવારસાંજે ૫.૦૦ વાગ્યે બંધ થશે. વોટીંગના સમય પછી સીડીએસએલ ધ્વારા ઈ-વોટીંગ મોડ્યુલ ડિસેબલ કરી દેવામાં આવશે અને તારીખ અને સમય પછી ઈ-વોટીંગ નહીં કરી શકાશે. સભ્યોને ઈક્વિટી શેરના પ્રમાણમાં મતદાનનો હક રહેશે તે કટ ઓફ તારીખ શનિવાર ૨૨મી સપ્ટેમ્બર,૨૦૧૮ના પ્રમાણમાં રહેશે. જેના નામો રજીસ્ટર્ડ ઓફ મેમ્બર / રિકાર્ડ ઓફ ડિપોઝીટરીઝમાં શુક્રવાર ૩૧મી, ઓગસ્ટ, ૨૦૧૮ હતા તે બધા સભ્યોને નોટીસ મોકલી દેવામાં આવી છે.એજીએમની નોટીસ મોકલવામાં આવ્યા પછી જો કોઈ વ્યક્તિ કંપનીના શેર ધારણ કરે અને કંપનીનો સભ્ય બને અને કટ ઓફ ડેટશનિવાર ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૮એ શેર ધારણ કરે, તે helpdesk.evoting@cdslindia.com ઉપર આઈડી અને પાસવર્ડ મોકલી શકે છે. તેમ છતા જો કોઈ સભ્ય રિમોટ ઈ-વોટીગ માટે પહેલાથી સીડીએસલમાં રજીસ્ટર્ડ હોય તો તે વર્તમાન તેનો/તેણી યુઝર આઈડી અને પાસવર્ડ ધ્વારા રિમોટ ઈ-વોટીંગના માધ્યમથી વોટ આપી શકે છે. કંપનીએ બેલેટ પેપર (પોસ્ટલ)થી વોટ આપવાની સુવિધા પણ ઉભી કરી છે.

કંપની બેલેટ પેપર (પોસ્ટલ) મારફતે મતદાન કરવાની પણ સગવડ આપે છે જે મોકલી આપવામાં આવ્યા છે. ઈ-વોટીગ અને પોલીંગ પેપર એજીએમ ખાતે મળશે સભ્ય બેઠકમાં હાજરી આપી શકશે પણ પોલીંગ પેપર મારફતે મતદાન કરવાની કાર્યવાહી કરી હશે તેઓ રીમોટ ઈ-વોટીંગથી મતદાન કરી શકશે નહી. તેમ છતા જેમણે રીમોટ ઈ વોટીંગ મારફતે તેમના મત આપ્યા હશે તે તેઓ તા. ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ બેઠકમાં હજરી આપી શકશે પરંતુ તેઓ તેમનો મત આપી શકશે નહીં.

જે સભ્યોના નામ બેનીફીસીયલ ઓનર્સ તરીકે કંપનીના ચોપડે નોંધાયેલા હોય કે જે કટ ઓફ ડેટ શનિવાર તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ડીપોઝીટરીઝ મારફતે જાળવણી કરવામાં આવે છે. માત્ર તેઓ જ રીમોટ ઈ-વોટીંગ કે પછી બેલેટ પેપરના મતદાન માટે માન્ય ગણાશે એજીએમની નોટીસમાં જણાવ્યા પ્રમાણેની છાપેલી સુચનાઓ બરોબર વાંચી લેવાની સભ્યોને સલાહ આપવામાં આવે છે. કોઈ પણ પ્રકારનો પ્રશ્ન, કે તપાસ કરવી હોય તો સભ્યોઓ ઈલેક્ટ્રોનીકલી રીતે અથવા મેન્યુએલ ફીક્વન્ટલી આસ્કડ કવેશ્ચયન (એફએક્યુએસ) અને ઈ-વોટીંગ મેન્યુઅલ વેબસાઈટ www.evotingindia.com પર ઉપલબ્ધ છે, મદદગારી વિભાગને લખો અથવા ઈ-મેઈલ helpdesk.evoting@cdslindia.com કરો અને ઈ વોટીંગ બાબતે પ્રશ્ન છે તેમ પુછવું.

સન સોર્સ (ઈન્ડિયા) લીમીટેડ
સહી/-
પ્રિતુ અમીન
હોલ ટાઈમ ડિરેક્ટર
ડીન: ૦૨૧૬૫૮૩૩

સ્થળ : વડોદરા
તારીખ : ૦૬/૦૯/૨૦૧૮

સરનામું : ૯, પરીશ્રમ સોસાયટી, ઈનઓરબીટ માલ પાછળ,
સુભાનપુરા, વડોદરા ૩૯૦૦૨૩, ગુજરાત

શુક્રા જવેલરી લીમીટેડ

CIN: L52393GJ1991PLC079516
રજીસ્ટર્ડ ઓફીસ : પંચધારા કોમ્પલેક્ષ, ઉજે માળે ધ ગાન્ડ ભગવતી હોટલની બાજુમાં ,
એસ.જી હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪
ઈ-મેઈલ : shukrajewellery@yahoo.co.in વેબસાઈટ : www.shukrajewellery.in

નોટીસ

આથી અહીં નોટીસ આપવામા આવે છે સુકરા જવેલરી લીમીટેડના સભ્યોની ૨૭મી સામાન્ય વાર્ષિક સભા તા.૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૮ શનિવારના રોજ ૧૦.૩૦ વાગે રજીસ્ટર્ડ ઓફિસ પંચધારા કોમ્પલેક્ષ, ઉજે માળે ધ ગાન્ડ ભગવતી હોટલની બાજુમાં, એસ.જી હાઈવે, બોડકદેવ, અમદાવાદ ગુજરાત-૩૮૦૦૫૪ખાતે એજીએમની તા.૧૩મી ઓગષ્ટ,૨૦૧૭ ના રોજની નોટીસમાં જણાવ્યા પ્રમાણેના કામકાજ સારુ મળશે. નોટીસ,૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, જેમના સરનામાં કંપની પાસે હતા તેમને મોકલી આપવામાં આવ્યા છે અને તે કંપનીની વેબસાઈટ www.shukrajewellery.in પર પણ મળશે.

કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૯૧ મુજબ એલઓડીઆર, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૨મુજબ કંપનીના નોધાયેલા સભ્યો માટે શેર ટ્રાન્સફર બુક તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ થી તા.૨૯ મી સપ્ટેમ્બર, ૨૦૧૮(બન્ને દિવસ સહિત) કંપનીની ૨૭ મી વાર્ષિક સામાન્ય સભા માટે બંધ રહેશે.

કંપની એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮ની જોગવાઈ મજબ તેની સાથે નિયમ ૨૦ વાંચતા કેપનીઝ (મેનેજમેન્ટ અને એડમીનીસ્ટેશન) નિયમ ૨૦૧૪, કંપની સભ્યોને ઈલેક્ટ્રોનીક્સ પધ્ધતિથી (ઇ-વોટીંગ)ની સુવિધા આપવા માંગે છે. તે તમામ ઠરાવો નોટીસમાં દર્શાવવામાં આવ્યા છે. કંપની એક્ટ ૨૦૧૩ની જોગવાઈઓ અને તેના નિયમની માહિતી નીચે આપેલી છે.

1 નોટીસ મોકલવાની કાર્ય પુરો કરવાની તારીખ	૭મી સપ્ટેમ્બર, ૨૦૧૮
2 ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટીંગ શરૂ થવાની તારીખ અને સમય	બુધવાર, ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૮ સવારે ૧૦.૦૦ વાગ્યે આઈએસટી.
3 ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટીંગ બંધ થવાની તારીખ અને સમય	શુક્રવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૮ સાંજે ૫.૦૦ વાગ્યે આઈએસટી.
4 આના પછી ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટીંગ નહીં કરી શકાશે	શુક્રવાર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૮ સાંજે ૫.૦૦ વાગ્યે આઈએસટી.
5 ૨૭મી એજીએમની નોટીસ કંપની અને એનએસડીએલ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ	www.shukrajewellery.in www.evotingindia.com
6 કટ ઓફ ડેટના રોજ જે નોંધાયેલા હોય તે જ ઈ-વોટીંગ ને હકદાર રહેશે.	શનિવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૮
7 ઈલેક્ટ્રોનિક વોટીંગ સંબંધિત માહિતી માટે જવાબદારનું સંપર્ક	સંદીપ મોરે, બિગ શેર સર્વિસ પ્રાઈવેટ લીમીટેડ ૧લો માળ, ભારત ટીન વર્ક બિલ્ડિંગ, મારોલ, વસંત આસિયાસ સામે, મકવાણા રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૯ ટેલી. નં. ૦૨૨-૬૨૬૩૮૨૦૦, ફેક્સ : ૬૨૬૩૮૨૯૯ ઈ-મેઈલ : info@bigshareonline.com

એજીએમના સ્થળે બેલેટ પેપરથી વોટીંગ કરવાની સુવિધા ઉપલબ્ધ રહેશે અને જે સભ્યોએ રિમોટ ઈ-વોટીંગના માધ્યમથી તેમનો વોટ નહીં આપ્યો છે તે એજીએમના સ્થળે તેમનો વોટ આપી શકશે.

જે સભ્યો રિમોટ ઈ-વોટીંગના માધ્યમથી તેમનો વોટ આપી ચુક્યા હશે તે એજીએમમાં ઉપસ્થિત રહી શકશે પણ તેમનો વોટ ફરીથી આપી શકશે નહીં.

જો કોઈ વ્યક્તિ મીટીંગનો નોટીસ મોકલ્યા પછી સભ્ય બને અને કટ ઓફ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૮ શનિવારે શેર હસ્તગત કરે તેણે info@bigshareonline.com ઉપર વિનંતી મોકલી યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.

જે વ્યક્તિનું નામ કટ ઓફ તારીખ શનિવાર ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૮ સુધીમાં સભ્યોના રજિસ્ટરમાં હોય અથવા ડીપોઝીટરીઝ દ્વારા જાળવવામાં આવતા બેનીફીશીયલ ઓનર્સના રજિસ્ટરમાં હોય, તે જ એજીએમ માં મત આપવા તથા રીમોટ ઈ-વોટીંગની સુવિધાનો ઉપયોગ કરવા હકદાર રહેશે.

બોર્ડના દ્વારા અને તેના વતી
સહી/-
ચંદ્રકાંત શાહ
ડાયરેક્ટર (ડીન: ૦૧૧૮૮૦૦૧)

તારીખ : ૦૭-૦૯-૨૦૧૮
સ્થળ : અમદાવાદ

દિવાન હાઉસીંગ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ

DHFL
Changing Rules Changing Lives

નેશનલ ઓફિસઃ ડીએચએફએલ હાઉસ, ૪થો માળ, ૧૯, સહાર રોડ, ઓફ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, વીલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૯.
શાખા ઓફિસ : ડીએચએફએલ, ડ્રીમ્સ મોલ, ૧લો માળ, એલ.બી.એસ. માર્ગ, ભાડુંપ (વેસ્ટ), મુંબઈ- ૪૦૦૦૭૮.

ડિમાન્ડ નોટિસ

સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ કાયદો, ૨૦૦૨ના સેક્શન ૧૩(૨) હેઠળ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ નં ૩(૧) સાથે વંચાણે લેતાં. નીચે સહી કરનાર દીવાન હાઉસિંગ ફાયનાન્સ કોર્પોરેશન લિ. (ડીએચએફએલ)ના સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ કાયદો,૨૦૦૨(સદરહુ કાયદો) હેઠળ અધિકૃત અધિકારી છે. સદરહુ કાયદાના સેક્શન ૧૩(૧૨)ને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ નં ૩ સાથે વંચાણે લેતાં મળેલ અધિકારની રૂએ અધિકૃત અધિકારીએ ડિમાન્ડ નોટિસ સદરહુ કાયદાના સેક્શન ૧૩(૨) હેઠળ આપી છે કે નીચેના દેણદાર(રો)એ (સદરહુ દેણદાર(રો))જે તે નોટિસમાં આપેલ રકમ પરત ભરપાઈ કરી જવી જે ઇસ્યુ કરેલ નોટિસોની વિગતો પણ નીચે આપી છે. ઉપરના સંદર્ભમાં, અત્રે ફરીથી સદરહુ દેણદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે આ નોટિસના પ્રકાશનથી દિન ૬૦માં ડીએચએફએલને નીચે જણાવેલ રકમ, જે તે ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ તારીખોથી રકમ પૂરી ચુકતે થયાની તારીખ સુધી થનાર વ્યાજ સહિત ચૂકવી દેવી, જે અન્ય દસ્તાવેજો/ લખાણ જો દેણદાર(રો) દ્વારા કોઈ થયા હોય તો તે સાથે વંચાણે લેતાં ધિરાણ કરારપત્ર મુજબ છે. સદર લેણી રકમ માટે નીચેની અસ્ક્યામતો જે તે દેણદાર સામે લખેલ છે તે ડીએચએફએલ પાસે ગિરવે મૂકાયેલ છે.

કરજદાર(રો) જામીનદાર(રો) ના નામ	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	સિક્યોર્ડ એસેટની માહિતી (અચાલીત મિલકત)
(એલસી નં.૦૦૦૦૪૦૬૭ વડોદરા બ્રાન્ચ) ધર્મેન્દ્ર ગોવિન્દ પ્રજાપતી (કરજદાર) પારૂલબેન ધર્મેન્દ્રભાઈ પ્રજાપતી (સહ- કરજદાર)	૧૩-૬-૨૦૧૮/રૂા. ૩૧૮૩૬૧/ (રૂપિયા ત્રણ લાખ અઢાર હજાર ત્રણ સો એકસઠ પુરા)	૫૯, બજરંગ નગર ખાડિયારનગર અન્ડાડા પાસે- ગામ- અંકલેશ્વર, ભરૂચ- ૩૯૩૦૦૨, ગુજરાત.
(એલસી નં.૦૦૦૦૦૧૨૨ અમદાવાદ બ્રાન્ચ) ભરતભાઈ આત્મારામભાઈ પટેલ (કરજદાર) રમીલાબેન ભરતભાઈ પટેલ (સહ- કરજદાર)	૧૩-૬-૨૦૧૮/રૂા. ૬૫૧૭૭૯/- (રૂપિયા છ લાખ એકાવન હજાર સાત સો ઓગણ્યાસી પુરા)	ફ્લેટ નં. : એ/૩, કેસર રેસીડેન્શી-૨ કોલાવાડા, કોલાવાડા ગાંધીનગર રોડ ગાંધીનગર, ગાંધીનગર- ૩૮૨૦૫૧, ગુજરાત
(એલસી નં. ૦૦૦૦૬૬૮૩ વડોદરા બ્રાન્ચ) મુકેશ બળવંતભાઈ કપાડી (કરજદાર) ભાવનાબેન મુકેશભાઈ કપાડી (સહ- કરજદાર) ધર્મેશકુમાર સુરેશચન્દ્ર શાહ (જામીનદાર)	૧૩-૬-૨૦૧૮/રૂા. ૯૧૨૫૩૮/- (રૂપિયા નઉ લાખ બાર હજાર પાંચ સો આડત્રીસ પુરા)	પ્લોટ નં. ૨૬૪, ગ્રીન પાર્ક, જીટાલી, અંકલેશ્વર, ભરૂચ- ૩૯૩૦૦૧, ગુજરાત.
(એલસી નં. ૦૦૦૦૪૯૭૦ રાજકોટ બ્રાન્ચ) હેતલકુમાર મુલચન્દભાઈ વૈદ્ય (કરજદાર) નીલમબેન હેતલભાઈ વૈદ્ય (સહ- કરજદાર)	૧૩-૬-૨૦૧૮/રૂા. ૫૩૧૨૨૩/- (રૂપિયા પાંચ લાખ એકત્રીસ હજાર બસો ત્રેવીસ પુરા)	શ્રીવલ્લભ, સબ- પ્લોટ નં.૮, પ્લોટ નં.૭૦ કૃષ્ણનગર સ્ટ્રીટ નં. ૧૨ સ્વામીનારાયણ ચૌક પાછળ, રાજકોટ, રાજકોટ- ૩૬૦૦૦૪, ગુજરાત.
(એલસી નં. ૦૦૦૦૫૫૮૪ રાજકોટ બ્રાન્ચ) પાર્થ કન્સ્ટ્રક્શન કંપની (કરજદાર) રાજેશ પરસોત્તમભાઈ ખૂંટ(સહ- કરજદાર) ચન્દ્રેશ છગનભાઈ સોરઠીયા (સહ- કરજદાર)	૧૩-૬-૨૦૧૮/રૂા.૨૮૩૭૦૫૯/- (રૂપિયા અઠાવીસ લાખ સાડત્રીસ હજાર ઓગણસાઇઠ પુરા)	પ્લોટ નં. ૩ પૈકી વેસ્ટસાઈડ અને પ્લોટ નં. ૪, બાલાજી પાર્ક, સેઉવા પટેલ સમાજ, વસાવડ રોડ, મોવીયા, ગોંડલ, રાજકોટ, રાજકોટ- ૩૬૦૩૧૧, ગુજરાત.
(એલસી નં. ૦૦૦૦૧૪૦૬ મહેસાણા બ્રાન્ચ) લાખાભાઈ વિઠાભાઈ રબારી (કરજદાર) સુરેખાબેન લાખાભાઈ રબારી (સહ- કરજદાર)	૧૩-૬-૨૦૧૮/રૂા.૩૩૩૨૧૨/- (રૂપિયા ત્રણ લાખબત્રીસ હજારબાર પુરા)	હાઉસ નં. ૮૬, અયોધ્યાનગર હાઉસિંગ સોસાયટીસ શ્રીરંગ ટાઉનશીપ પાછળ, ગાંધીનગર લીન્ક રોડ, મહેસાણા, પંચમહાલ- ૩૮૯૦૦૧, ગુજરાત.
(એલસી નં. ૦૦૦૦૬૦૮૧ વડોદરા બ્રાન્ચ) સાકીદઅહમદ ઉસમાનખાન રાઠોડ (કરજદાર) અફસાનાબેન સાકીદ રાઠોડ (સહ- કરજદાર)	૧૫-૬-૨૦૧૮/રૂા. ૧૭૪૧૮૭૧/- (રૂપિયા સતર લાખ એકતાલીસ હજાર આઠ સો ઇકોતેર અને શુન્ય પેસા પુરા)	ફ્લેટ નં. ૧૦૨,૧૦૩ સનરાઇઝ રેસીડેન્શી એટ્ જોલવા ગામ વાગરા, ભરૂચ, ભરૂચ- ૩૯૨૦૦૧, ગુજરાત.
(એલસી નં. ૦૦૦૦૪૮૦૬ રાજકોટ બ્રાન્ચ) મહેશ રમેશ વાણિયા (કરજદાર) ભાનુ બાબુલાલ ઝાલા (સહ- કરજદાર)	૧૫-૬-૨૦૧૮/રૂા. ૧૫૫૮૯૧૭/- (રૂપિયા પન્દર લાખ અઠાવન હજાર નઉ સો સતર અને શુન્ય પેસા પુરા)	પ્લોટ નં. ૧૫૫/૭, આર.એસ. નં. ૧૦૯૯ અને ૧૧૦૦ મહાવીરનગર નિલકંઠ નગર પાસેઆર એસ રોડ, જામનગર- ૩૬૧૦૦૫, ગુજરાત.
(એલસી નં. ૦૦૦૦૦૭૩૩ મહેસાણા બ્રાન્ચ) ગોરધન જેડ પટેલ (કરજદાર) ભાવનાબેન ગોરધનભાઈ ચૌધરી (સહ- કરજદાર)	૧૫-૬-૨૦૧૮/રૂા. ૧૫૦૬૧૧૦/- (રૂપિયા પન્દર લાખ છ હજાર એકસો દસ અને શુન્ય પેસા પુરા)	આર.એસ. નં. : ૩૧+ ૨૧૯, પ્લોટ નં. ૧૪૮, સિદ્ધિવિનાયક સોસાયટી એપીએમસી પાછળ, પાટણ હાઈવે, ડિસા, ડિસા, બનાસકાંઠા- ૩૮૫૫૩૫, ગુજરાત.
(એલસી નં. ૦૦૦૦૫૫૮૫ રાજકોટ બ્રાન્ચ)પાર્થ કન્સ્ટ્રક્શન કંપની (કરજદાર) રાજેશ પરસોત્તમભાઈ ખૂંટ (સહ- કરજદાર) ચન્દ્રેશ છગનભાઈ સોરઠીયા (સહ- કરજદાર)	૧૫-૬-૨૦૧૮/રૂા. ૨૧૦૮૧૪૯/- (રૂપિયા એકવીસ લાખ આઠ હજાર એકસો ઓગણપચાસ અને શુન્ય પેસા પુરા)	ઓફિસ નં. ૪, ૧લો માળ, સ્ટાર કોમ્પ્લેક્ષ, પ્લોટ નં. ૧ થી ૮, સર્વે નં. ૪૨૦ પી, જેતપુર રોડ, ગાંડલ, રાજકોટ, રાજકોટ- ૩૬૦૩૧૧, ગુજરાત.

જો સદરહુ દેણદારો ડીએચએફએલને ઉપર જણાવ્યા મુજબનું રકમનું ચૂકવણું કરવામાં નિષ્ફળ જશે, તો ડીએચએફએલ ઉપરની સિક્યોર્ડ અસ્ક્યામતો સામે સદરહુ કાયદાના સેક્શન ૧૩(૪) તેમ જ નિયમો અનુસાર કાર્યવાહી કરશે, જે સમગ્રપણે દેણદારોના ખર્ચે અને જોખમે તથા નુકસાનથી થશે. સદરહુ દેણદારને ડીએચએફએલની લેખિત પૂર્વ મંજૂરી સિવાય વેચાણ, લિઝ કે અન્ય કોઈ રીતે આ અસ્ક્યામતોની તબદિલી માટે કાયદા હેઠળ મનાઈ ફરમાવવામાં આવે છે. સદરહુ કાયદાની જોગવાઈઓનું જો કોઈ વ્યક્તિ ઉલ્લંઘન કરે છે અથવા એના નિયમોનું ઉલ્લંઘન કરે છે તેને કાયદા હેઠળની જોગવાઈ અનુસાર કેદની સજા અને /અથવા દંડની સજા થઈ શકે છે.

સહી/-
(અધિકૃત અધિકારી)
દિવાન હાઉસિંગ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ

તારીખ : ૦૬ સપ્ટેમ્બર, ૨૦૧૮
સ્થળ : ગુજરાત